**ફોજદારી કેસ નં. ૮૯૮૪/૨૦૨૨**

**આંક–૧ ચાર્જશીટ લગત હુકમ**

સાબરમતી પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૧૯૧૦૩૯૨૨૦૩૮૧/૨૦૨૨

૧. રજુ થયેલ ચાર્જશીટ તેમજ કેસ પેપર્સ વંચાણે લેવામાં આવેલ છે.

૨. આ કામના ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાની ફરીયાદ નોંધાવેલ છે. સદર ફરીયાદ સંદર્ભે તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા આ કામના આરોપી વિરૂધ્ધ અંત્રેની કોર્ટમાં મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ–૧૮૫ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૩. મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ( હવે પછી આ હુકમમાં એમ. વી. એકટ તરીકે સંબોધન કરવામાં આવેલ છે.) સ્પેશીયલ કાયદો છે. મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ માં મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબનો ગુન્હો કોગ્નીઝેબલ છે કે નોન કોગ્નીઝેબલ તે દર્શાવેલ નથી. જેથી ફોજદારી કાર્યવાહી ધારાનું શેડયુલ–૨ ધ્યાને લેવાનું રહે છે. ફોજદારી કાર્યવાહી ધારાના શેડયુલ–૨ મુજબ જે ગુન્હો ત્રણ વર્ષથી ઓછી કેદની સજાને પાત્ર હોય અથવા માત્ર દંડની સજાને પાત્ર ગુન્હો હોય તો આવો ગુન્હો નોન કોગ્નીઝેબલ ગુન્હો ગણાય છે.

૩.૧ મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ– ૧૮૫ ધ્યાને લેવી જ રૂરી બને છે જે નીચે મુજબ છે.

**કલમ–૧૮૫.** નશાકારક પીણાં કે પદાર્થની અસર હેઠળ વાહન ચલાવવા બાબત.– મોટર વાહન ચલાવતી કે ચલાવવાની કોશિશ કરતી વખતે, જે કોઇ વ્યક્તિ–

(અ) શ્વાસોચ્છવાસના પરીક્ષણ ( અથવા અન્ય કોઇ પરીક્ષણ જેમાં લેબોરેટરી ટેસ્ટ સમાવિષ્ટ) દરમિયાન જો ડ્રાઇવરના લોહીમાં દારૂ ૩૦ એમ. જી. દરેક ૧૦૦ એમ. એલ. જો તેના લોહીમાંથી પરીક્ષણ દરમ્યાન મળી આવે તો, અથવા

(બી) વાહન ઉપર યોગ્ય કાબુ રાખવાને કારણે પોતે અશક્તિમાન થાય તેટલી હદે નશાકારક પીણા કે પદાર્થની અસર હેઠળ હોય, તે પહેલા ગુના માટે છ મહિના સુધીની કેદની અથવા ( દસ હજાર )રૂપિયાની દંડની શિક્ષાને, અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે. ત્યાર પછીના ગુના માટે બે વર્ષ સુધીની કેદની અથવા ( પંદર હજાર રૂપિયા)ના દંડની શિક્ષાને, અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે.

ઉપરોકત કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં મોટર વ્હીકલ એકટની કલમ– ૧૮૫ ના ભંગ બદલ પહેલા ગુના માટે ૬ માસ સુધીની કેદ અથવા દસ હજાર રૂપિયાનો દંડ અથવા બંને અને ત્યાર પછીના ગુના માટે બે વર્ષ સુધીની કેદ અથવા પંદર હજાર રૂપિયા અથવા બંને શિક્ષાને પાત્ર થશે તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. આથી એમ. વી. કટની કલમ–૧૮૫ ની જોગવાઈ ધ્યાને લેતાં અને ફોજદારી કાર્યવાહી ધારાનું શેડયુલ–૨ ધ્યાને લેતાં સદર એમ. વી. એકટની કલમ– ૧૮૫ મુજબનો ગુન્હો નોન કોગ્નીઝેબલ બને છે.

૩.૨ મોટર વ્હીકલ એકટની કલમ– ૨૦૨ માં વોરંટ વગર પકડવાની સત્તા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**૨૦૨. વોરંટ વગર પકડવાની સત્તાઃ–**

(૧) પોતાના દેખતાં કલમ–૧૮૪ કે કલમ–૧૮૫ કે કલમ–૧૯૭ હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરનાર વ્યક્તિને ગણવેશ પહેરેલો પોલીસ અધિકારી વોરંટ વિના પકડી શકશે. પરંતુ, કલમ–૧૮૫ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુના માટે એ રીતે પકડાયેલ આરોપીની તેની ધરપકડની બે કલાકની અંદર, રજીસ્ટર થયેલ તબીબી વ્યવસાયી પાસે કલમ–૨૦૩ અને ૨૦૪ માં ઉલ્લેખ તબીબી તપાસ કરાવવી જોઇએ અથવા ત્યાર પછી તેને કસ્ટડીમાંથી મુકત કરવો જોઇએ.

(૨) આ કલમના હેતુ માટે ગુનો કરેલ કોઇ પણ વ્યક્તિ કે જે પોતાનું નામ, સરનામું આપવાનો ઈન્કાર કરે તેનો ગણવેશધારી પોલીસ અધિકારી વિના વોરંટે ધરપકડ કરી શકશે.

(૩) કોઇ મોટર વાહનના ડ્રાઇવરને વોરંટ વિના પકડનાર પોલીસ અધિકારીએ, સંજોગો મુજબ તેમ કરવું જરૂરી હોય તો, તે વાહનની હંગામી વ્યવસ્થા કરવા તેને યોગ્ય લાગે તેવા કોઇ પગલાં લેવાં અથવા લેવડાવવા જોઇશે.

૪. નામદાર કેરલા હાઈકોર્ટ દ્વારા **P. kunhumuhammed v/s State of Kerala** ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૧૯૮૧ કેરાલા એલ. ટી. ૫૦ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, A consideration of the judicial precedents referred to above in the light of the changes made in the new Code, would suggest the following propositions as being applicable under the new Code. (1) Section 155(2) of the new Code prohibits investigation by a police officer into a non-cognizable offence without the order of a Magistrate. A violation of this provision would

stamp the investigation with illegality. (2) This defect in the investigation can be obviated and prejudice to the accused avoided by the Magistrate ordering investigation under Section 202 of the Code. (3) The report of a police officer following an investigation contrary to Section 155(2) could be treated as a complaint under Section 2(d) and Section 190 (1)(a) of the Code if at the commencement of the investigation the police officer is led to believe that the case involved commission of a cognizable offence or if there is doubt about it and investigation establishes only commission of a non-cognizable offence. (4) If at the commencement of the investigation it is apparent that the case involved only commission of a non-cognizable offence, the report followed by investigation cannot be treated as a complaint under Section 2 (h) or Section 190(1)(a) of the Code. (5) Whenever a report of a police officer relating to a non-cognizable offence is brought to the notice of a Magistrate he has to look into the matter and apply his judicial mind and find out whether, (a) it is a case where reinvestigation has to be ordered under Section 202 of the Code, or (b) whether it could be treated as a complaint under Section 2(h) and Sec. 190(1)(a) of the Code and if so cognizance could be taken, (c) or whether it is case where the report cannot be treated as a complaint under Section 2(h) and Section 190(1)(a) of the Code or, (d) it is a fit case for taking cognizance taking into consideration all the attendant circumstances. (6) If these aspects are not brought to the notice of or adverted to by the Magistrate at that stage and trial is concluded, the trial cannot be said to be vitiated on account of the defect as the defect in the investigation precedent to trial could be cured by Section 465 of the new Code, unless failure of justice been occasioned thereby.

૪.૧ નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા કેશવલાલ ઠાકુર વિરૂદ્ધ સ્ટેટ ઓફ બિહારના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૧૯૯૬(૧૧) એસ. સી.સી. ૫૫૭ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, The offence under Section 31 of the the Representation of the People Act, 1950 is non-cognizable and therefore the police could not have registered a case for such an offence under Section 154 Criminal Procedure Code. Of course, the police is entitled to investigate into a non- cognizable offence pursuant to an order of a competent Magistrate under Section 155(2

Criminal Procedure Code but, admittedly, no such order was passed in the instant case. That necessarily means, that neither the police could investigate into the offence in question nor submit a report on which the question of taking cognizance could have arisen. While on this point, it may be mentioned that in view of the Explanation to Section 2(d) Criminal Procedure Code, which defines 'complaint', the police is entitled to submit, after investigation, a report relating to a non-cognizable offence in which case such a report is to be treated as a 'complaint' of the police officer concerned, but that explanation will not be available to the prosecution here as that relates to a case where the police initiates investigation into a cognizable offence unlike the present one but ultimately finds that only a non-cognizable offence has been made out.

૪.૨ નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા **Narain singh v/s State** ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૧૯૮૬(૧) ક્રાઈમ્સ પાના નં. ૫૩૫ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, an offence under any law other than the Indian Penal Code would be non-cognizable in character if it is punishable with imprisonment for less than three years or with fine only. Offences under Secs.184 and 185 of the Act must come under the third category of cases mentioned in Part II of the First Schedule of the Code, i.e. punishable with imprisonment for less than three years and hence non-cognizable and bailable in character.

૪.૩ નામદાર કેરાલા હાઈકોર્ટ દ્વારા **Mehaboob koya Moideen v/s State** ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૨૦૧૧(૨) કેરાલા લો. જ. પાના નં. ૫૭૪ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Whether the Magistrate could take cognizance of offences punishable under Secs.184 and 185 of the Act on a police report following an investigation conducted in violation of Sec. 155(2) of the Code- Sub-sec.(l) of Sec.155 of the Code deals with information regarding commission of a non-cognizable offence given to an officer- in-charge of a police station. Sub-sec. (2) says that no police officer shall investigate a non-cognizable case without the order of a Magistrate having power to try or commit for trial such case. An investigation conducted in violation of the said provision stamps such investigation with illegality ?

૪.૪ નામદાર કેરાલા હાઈકોર્ટ દ્વારા **Sgimon @ Prakash Vs. State of Kerala-2014 CrLJ**

**4657 (Ker)** ના કેસમાં આપવામાં આવેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, “of course, it is true that Section 202 of the motor vehicles act provides that a police officer in uniform any arrest without warrant, any person who in his presence commits an offence punishable under Section 184 or Section 185 or Section 197 of the motor vehicles Act. This does not mean that the offence is made cognizable. This position is well settled by this Court in Mehaboob Vs. State. When the offence is not cognizable, the police officer is not empowered to register FIR under Section 154 of Cr. P.C. Section 155(2) Cr. P.C. Contains a prohibition that no police officer shall investigate a non-cognizable case without an order of the Magistrate having power to try such case or commit the case for trial. But here no such permission or order was obtained by the Sub-Inspector of Police before registering FIR or before proceeding for investigation. Much discussion is not required to find that the whole prosecution in this case is unauthorised and illegal. Without complying with the necessary procedure prescribed under Section 155(2) of Cr.P.C., in Sub-Inspector of Police straight away registered FIR in this case. Without obtaining permission or orders he conducted investigation and submitted final report, as is done in a case of cognizable offence. No doubt the whole procedure is illegal.”

**૫.** એમ. વી. એકટની કલમ–૨૦૨ માં જોગવાઈ કર્યા મુજબ પોલીસ અધિકારી પોતે ગણવેશમાં હોય અને તેઓની હાજરીમાં એમ. વી. એકટની કલમ– ૧૮૫ મુજબનો ગુનો બને ત્યારે તેઓને વોરંટ વગર તબીબી તપાસ અર્થે આરોપીની અટક કરવાની સત્તા આપે છે. પરંતુ, ઉપરોકત ચર્ચા કરી તે નામદાર કેરાલા હાઈકોર્ટ ધ્વારા **Sgimon @ Prakash Vs. State of Kerala** ના કેસ ચુકાદામાં ઠરાવ્યા અનુસાર એમ. વી. એકટની કલમ–૨૦૨ મુજબ પોલીસ અધિકારીને વોરંટ વગર પકડવાની સત્તા આપેલ હોય તે માત્રથી એમ. વી. એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો કોગ્નીઝેબલ બની જાય તેવો અર્થ થઇ શકે નહીં. ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૧૫૫(૨) માં જોગવાઇ કરવામાં આવેલ છે કે, પોલીસ અધિકારી બહારના કેસની ઇન્સાફી કાર્યવાહી કરવાની અથવા તેને ઇન્સાફી કાર્યવાહી માટે મોકલવાની સત્તા ધરાવતા મેજીસ્ટ્રેટશ્રીના હુકમ વિના, કોઇ પણ પોલીસ અધિકારી એવા કેસની પોલીસ તપાસ કરી શકશે નહીં. ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંતો લક્ષે લેતાં તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ ની જોગવાઇ

લક્ષે લેતાં સદર ગુનો નોન કોગ્નીઝેબલ હોવાનુંજણાતું હોય તે વિગત લક્ષે લેતાં તપાસ કરનાર અમલદાર ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૧૫૫(૨) મુજબની પરવાનગી મેળવ્યા સિવાય પોલીસ તપાસ કરી નામદાર કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરી શકે નહીં. હાલના કેસમાં તપાસ કરનાર અમલદારે ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૧૫૫(૨) અન્વયે પોલીસ તપાસ અંગે અત્રેની કોર્ટની પરવાનગી મેળવેલ હોવાનું સાધનિક પેપર્સ લક્ષે લેતાં જણાતું નથી. જો ફોજદારી કાર્યવાહી ધારાની કલમ– ૧૫૫(૨) નું ઉલ્લંઘન કરી પોલીસ/તપાસ કરનાર અમલદારે નામદાર કોર્ટમાં મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ હોય એન સદર ચાર્જશીટને આધારે નામદાર કોર્ટે સંજ્ઞાન લીધેલ હોય તો પણ ફરીયાદપક્ષના કેસમાં આદેશાત્મક કાયદાઓની જોગવાઈઓનું પાલન થયેલ ન હોય ફરીયાદપક્ષના કેસમાં ઔપચારીક ક્ષતિ રહેલ છે અને સમગ્ર કેસની કાર્યવાહી દુષિત થયેલી ગણાય અને અદાલત આવી દુષિત કાર્યવાહી અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહીં. આરોપી સામે આક્ષેપવામાં આવેલ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ માં પ્રબંધ કરવામાં આવેલ જોગવાઈ લક્ષે લેતાં હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ છે. ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૫૮ માં જોગવાઈ કરવામાં આવેલ છે કે, ફરીયાદ સિવાય શરૂ કરવામાં આવેલ કોઈ પણ સમન્સ કેસમાં ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પરવાનગીથી બીજા કોઈ પણ મેજીસ્ટ્રેટ કારણોની નોંધ કરી કાર્યવાહીના કોઈ પણ તબક્કે ચુકાદો જાહેર કર્યા સિવાય કાર્યવાહી અટકાવી શકે અને જયારે મુખ્ય સાક્ષીઓનો પુરાવો નોંધાયા બાદ કાર્યવાહી અટકાવવામાં આવેલ હોય તો મેજીસ્ટ્રેટ આરોપીને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરશે અને બીજા કોઈ પણ કેસમાં આરોપીને મુકત કરશે અને આવી મુક્તિની અસર આરોપીને બિન તહોમત છોડી મુકવા બરાબર થશે.

૬. આમ, ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાતો લક્ષે લેતાં પોલીસ/તપાસ કરનાર અમલદારે અત્રેની કોર્ટમાં ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૧૫૫(૨) અન્વયેની પરવાનગી મેળવ્યા સિવાય નોન કોગ્નીઝેબલ ગુનો મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ હોય અને આદેશાત્મક કાયદાની જોગવાઈઓનું પાલન થયેલ ન હોય અને સમગ્ર કેસની કાર્યવાહી દુષિત થયેલ હોય જેથી ફોજદારી કાર્યવાહી ધારાની કલમ– ૨૫૮ અન્વયે હાલના કેસની કાર્યવાહી સ્થગિત/બંધ કરવી ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબનો ન્યાયીક

હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

૧. આ કામના આરોપી સામે ફોજદારી કાર્યવાહી ધારાની કલમ– ૨૫૮ અન્વયે હાલના કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને તેઓની સામે આક્ષેપવામાં આવેલ એમ. વી. એકટની કલમ– ૧૮૫ મુજબના ગુનામાંથી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્ધામાલ મોટર સાયકલ/વાહન અંગે વચગાળાનો જે હુકમ કરવામાં આવેલ છે તે આથી કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૨ મી, માહે–નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ– ૧૨ / ૧૧ / ૨૦૨૨ .
સ્થળઃ–અમદાવાદ(ગ્રામ્ય).

**(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)**
**બીજા અધિક ચીફ જયુડી. મેજી.,**
**મિરજાપુર, અમદાવાદ(ગ્રામ્ય)**

*D.J.Vaniya/P.A.*

**U.I.Code No.GJ-00957**